અપીલ અરજી નં.૧૭૧ તા.૧૭–૯–૦૮

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

## હુકમઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૧૧–૮–૦૮ ની અરજીથી દબાણ ખાતા ધ્વારા તા.૭–૨–૦૭ ,૪–૫–૦૭,૮–૧૧–૦૭ ના રોજ કયા કયા વિસ્તારમાંથી સામાન જેવા કે લારી–ગલ્લા બાકડા કે અન્ય સામાન જપ્ત કરેલ છે તેમજ કેટલો સામાન પરત કરવામાં આવેલ છે જે અંગેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૭–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૭૧/૨૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણની તા.૧૧–૮–૦૮ ની અરજીથી દબાણ ખાતા ધ્વારા તા.૭–૨–૦૭ ,૪–૫–૦૭,૮–૧૧–૦૭ ના રોજ કયા કયા વિસ્તારમાંથી સામાન જેવા કે લારી–ગલ્લા બાકડા કે અન્ય સામાન જપ્ત કરેલ છે તેમજ કેટલો સામાન પરત કરવામાં આવેલ છે જે અંગેની માહિતી આપવા બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૬૭૮ તા.૧૦–૯–૦૮ થી આપેલ જવાબ સાચો ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ દિન–૦૫માં પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૭૧ તા.૨૨–૯–૦૮ થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પાઠવવામાં આવેલ. જે સંદર્ભે તેઓ તરફથી પત્ર નં.સે.ઝોન/આ.નં.૭૮૬ તા.૩–૧૦–૦૮ થી પૂરક માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારે મુળ અરજીમાં દબાણ ખાતા ધ્વારા તા.૭–૨–૦૭ ,૪–૫–૦૭,૮–૧૧–૦૭ ના રોજ કયા કયા વિસ્તારમાંથી સામાન જેવા કે લારી–ગલ્લા બાકડા કે અન્ય સામાન જપ્ત કરેલ છે તેમજ કેટલો સામાન પરત કરવામાં આવેલ હોવાની રજૂઆત કરેલ છે. જેની સામે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે આધાર વિહિત અપીલમાં મુળ અરજીથી અલાયદા માલ સામાન ગોડાઉનમાં જમા છે કે નહીં તેવા પ્રશ્નોની રજૂઆત કરેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૩–૮–૦૮ અરજીથી માંગ્યા મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પાડવામાં આવે છે. અરજદારના માલસામાન ગોડાઉનમાં જમા છે કે નહીં? તેવા અલાયદા પ્રશ્નો અંગે અરજદાર સક્ષમ સત્તાધીશને અલગ અરજી કરી માહિતી મેળવી શકે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૦ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામ મેમણ,ચોક બજાર,